(૩૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૬)**

૧. ચાઉક્કાલં **સજ્ઝાયસ્સ અકરયણાએ ઉભઓકાલં ભંડોવગરણસ્સ** અપ્પડિલેહણાએ

૨. ફાસાફુસંતુ **એ યં પિયણં ચરમેહિં ઉસ્સાસ નિસ્સાસેહિં વોસિરામિ** ત્તિ કટ્ટુ

૩. સદ્દહંતો **પતિઅંતો રોઅંતો ફાસંતો પાલંતો** અણુપાલંતો

**(બ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૪)**

| | જવાબ |
|---|---|
| ૧. સાહૂ | **સાધુઓ રહેલા છે** |
| ૨. મા ણં બાલા | **રખે ! સાપ કરડે** |
| ૩. વિહરિસ્સામિ | **વિચરીશ** |
| ૪. ઈહલોગસ્સ આસાયણાએ | **આ લોકની આશાતનાથી** |
| ૫. મુચ્ચંતિ | **ભવોપગ્રાહી કર્મથી મુક્ત થાય છે** |
| ૬. પાવયણં | **પ્રવચન** |
| ૭. સમણધમ્મે | **દશ પ્રકારના સાધુધર્મમાં લાગેલા દોષોથી** |
| ૮. ગંધેણં | **ગંધથી** |

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૫)**

| | મૂળ પાઠ | | મૂળ પાઠ |
|---|---|---|---|
| ૧. કપટ સહિત જૂઠું બોલવું | **માયામોસો** | ૨. ભાવનાઓથી | **ભાવણાહિં** |
| ૩. પ્રત્યાખ્યાન કરીને | **પચ્ચક્ખાય** | ૪. જે દોષ મને યાદ છે | **જં સંભરામિ** |
| ૫. જીવ પર દ્વેષભાવ કરવો | **પાઉસિયાએ** | | |

**(ડ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. સંયમની સુરક્ષા માટે અને જ્ઞાનથી આચરણને સુધારવા શેનો ત્યાગ અને શેનો સ્વીકાર કરવાનો છે?

**જ. સંયમની સુરક્ષા માટે અબ્રહ્મનો ત્યાગ અને બ્રહ્મચર્યનો સ્વીકાર કરવાનો છે. જ્ઞાનથી આચરણને સુધારવા માટે અક્રિયાનો ત્યાગ અને ક્રિયાનો સ્વીકાર કરવાનો છે.**

૨. કેવલી ધર્મની અને શ્રુતની આશાતના કેવી રીતે થાય છે?

**જ. કેવલી ધર્મની – જિનવાણી, મોક્ષમાર્ગનું બૂરું બોલવું. કેવલીધર્મને ઉત્તમ, મંગલ ન માને.**
**શ્રુતની – આગમસૂત્રોને ન માને. મિથ્યા માને.**

૩. આચાર પ્રકલ્પ એટલે શું? તે કેટલા છે? કેવી રીતે?

**જ. આચાર એટલે આચારાંગ સૂત્ર પ્રકલ્પ એટલે તેના અધ્યયન વિશેષ. ૨૮ – આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુત સ્કંધના ૯ + બીજાના ૧૬ + નિશીથ સૂત્રના ૩ એમ ૨૮ અધ્યયન.**

૪. સંમૂર્ચ્છિમ મનુષ્યને પર્યાપ્તિ કેટલી? આપણે તેમને જોઈ શકીએ?

**જ. સંમૂર્ચ્છિમ મનુષ્ય પ્રથમ પાંચ પર્યાપ્તિ બાંધવાની શરૂઆત એક સાથે કરે છે, પરંતુ ચોથી શ્વાસોચ્છ્વાસ નામની પર્યાપ્તિ બાંધવાનું પૂર્ણ કરે એ પહેલા અપર્યાપ્ત અવસ્થામાં મૃત્યુ પામે છે, આથી તે જીવોના શરીર એટલા નાના હોય છે કે આપણે તેમને આંખોથી જોઈ શક્તા નથી.**

૫. ભય કોના ઉદયથી ઉત્પન્ન થાય છે? તે કેટલા છે? પહેલા ૪ ના નામ લખો.

**જ. ભય મોહનીયના ઉદયથી. આલોક, પરલોક, આદાન, અકસ્માત્.**

**(ઈ) માત્ર સંખ્યા લખો.** **(૫)**

| | | | |
|---|---|---|---|
| ૧. શબલા દોષ – **૨૧** | ૨. જ્ઞાનના અતિચાર – **૧૪** | ૩. કાયાના દોષ – **૧૨** | ૪. જીવાયોનિ – **૮૪ લાખ** |
| ૫. લેશ્યા – **૬** | ૬. પાપસ્થાનક – **૧૮** | ૭. શિક્ષાવ્રત – **૪** | ૮. પરિષહ – **૨૨** |

૯. અનુપ્રેક્ષા – ૪ ૧૦. શ્રાવકના ગુણ – **૨૧**

(૫૦)

**પ્ર.૨ (અ) ગતાગતિના આધારે જવાબ લખો. (૨૮)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. વાસુદેવ અનુત્તર વિમાનમાંથી આવીને ઉપજે કે નહિ? શા માટે?

**જ. ના કારણ કે એકવાર અનુત્તર વિમાનમાં ગયેલો જીવ ભવિષ્યમાં ક્યારેય નરકમાં જન્મ લે નહિ અને વાસુદેવ મરીને નરકમાં જ જાય છે માટે વાસુદેવ અનુત્તર વિમાનમાંથી આવીને ઉપજે નહિ.**

૨. અસંજ્ઞી પંચેન્દ્રિય પરભવનું કેટલું આયુષ્ય બાંધી શકે? તેઓ મરીને ક્યાં જાય?

**જ. અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ પલ્યના અસંખ્યાતમા ભાગથી વધુ પરભવનું આયુષ્ય બાંધી શકે નહિ. તેઓ મરીને ૩૯૫ ભેદમાં ૧૭૯ ની લટ + પ્રથમ નરક, ૫૧ જાતિના દેવ, ૫૬ અંતરદ્વીપના જુગલિયા સુધી જ જઈ શકે.**

૩. ૪૦ ભેદની ગતિ કોની કોની છે? તે ૪૦ ભેદ ક્યા?

**જ. ૧ થી ૬ નરક, ૩ થી ૮ દેવલોક, ૯ લોકાંતિક, ૨–૩ કિલ્વિષીક. તે ૪૦ ભેદ – ૧૫ કર્મભૂમિના મનુષ્ય, ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એ ૨૦ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે ૪૦.**

૪. વાલુપ્રભાનો નારકી સમકિતની હાજરીમાં આયુષ્યનો બંધ કરે તો ક્યાં જાય? એકાંત સમકિતીના ભેદ ક્યા?

**જ. ૩૦ ભેદમાં. ૧૫ કર્મભૂમિના મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા. એકાંત સમકિતીના ભેદ – ૧૦ ૫ અનુત્તર વિમાનના અપર્યાપ્તા અને પર્યાપ્તા.**

**(૨) નીચેના બોલની વિસ્તારથી ગતાગત લખો. (૧૫)**

૧. ઈશાન દેવલોકની – આગત ૪૦ ભેદની **૧૫ કર્મભૂમિના મનુષ્ય, ૫ સંજ્ઞી તિર્યંચ, ૫ હરિવાસ, ૫ રમ્યકવાસ, ૫ દેવકુરુ, ૫ ઉત્તરકુરુ એ ૪૦ ના પર્યાપ્તાની.** ગત ૪૬ ભેદની **૧૫ કર્મભૂમિના મનુષ્ય, ૫ સંજ્ઞી તિર્યંચ પંચે., બાદર પૃથ્વી, બાદર પાણી, બાદર પ્રત્યેક વનસ્પતિ એ ૨૩ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે ૪૬.**

૨. મીઠાની – આગત ૧૭૯ ભેદની **૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ ૩૦, તિર્યંચના ૪૮ ભેદ.** ગત ૧૭૯ ભેદની **૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના મનુષ્યના અપર્યા. અને પર્યા. એમ ૩૦, તિર્યંચના ૪૮ ભેદ એટલે ૧૭૯.**

૩. કેવળીની – **આગત ૧૦૮ ભેદની ૮૧ દેવ (૧૫ પરમાધામી, ૩ કિલ્વિષી ૧૮ વર્જીને), ૧૫ કર્મભૂમિ, ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, પ્રથમ ૪ નારકી, બાદર પૃથ્વી, બાદર પાણી, બાદર પ્રત્યેક વનસ્પતિ એ ૧૦૮ ના પર્યાપ્તા.** ગત **મોક્ષની.**

૪. માંડલિક રાજાની – આગત ૨૭૬ ભેદની **૧૭૯ માંથી તેઉ–વાઉના ૮ ભેદ વર્જીને ૧૭૧, ૯૯ દેવના પર્યાપ્તા, પ્રથમ છ નરકના પર્યાપ્તા એટલે ૨૭૬.** ગત ૫૩૫ ભેદની **૫૬૩ ભેદમાંથી ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન એ ૧૪ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા વર્જીને ૫૩૫ ભેદની.**

૫. મગરની – આગત ૨૬૭ ભેદની **૮૧ દેવ (૧૫ પરમાધામી, ૩ કિલ્વિષી ૧૮ વર્જીને), ૧૭૯ ની લટ, ૭ નરકના પર્યાપ્તા** ગત ૫૨૭ ભેદની – **૫૬૩ ભેદમાંથી નવમા દેવલોકથી અનુત્તર વિમાન સુધીના ૧૮ જાતિના દેવના અપર્યાપ્ત અને પર્યાપ્ત વર્જીને ૫૨૭ ભેદની.**

**(૩) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૫)**

૧. નારકી ચ્યવીને સંજ્ઞી મનુષ્ય કે સંજ્ઞી તિર્યંચ થાય છે.

**જ. સાચું.**

૨. અચ્યુત દેવલોકના દેવ ચ્યવીને માછલા થાય છે.

**જ. ખોટું. અચ્યુત દેવલોકના દેવ ચ્યવીને મનુષ્ય થાય છે.**

૩. માખી મરીને દેવ થાય છે.

**જ. ખોટું. માખી મરીને દેવ થતા નથી.**

૪. સમકિતી દેવ સમકિતની હાજરીમાં આયુષ્યનો બંધ કરે તો હેમવયના મનુષ્યમાં જાય છે.

**જ. ખોટું. સમકિતી દેવ સમકિતની હાજરીમાં આયુષ્યનો બંધ કરે તો કર્મભૂમિના મનુષ્યમાં જાય છે.**

પ. બળદેવ નિયમા દીક્ષા લે છે.

**જ. સાચું.**

**(બ) ૬૩ શ્લાઘનીય મહાપુરુષોના આધારે ખાલી જગ્યા પૂરો. (૭)**

૧. ....... અને ....... બંને સગા ભાઈ હોય છે.

**જ. વાસુદેવ, બળદેવ**

૨. ....... અને ....... ક્ષેત્રમાં તીર્થંકર ક્રમથી થાય છે.

**જ. ભરત, ઈરવત**

૩. ....... અને ....... શ્રાવકપણું ન સ્પર્શે.

**જ. વાસુદેવ, પ્રતિવાસુદેવ**

૪. ચક્રવર્તીને ....... રાણીઓ અને ....... દેવતાઓ તેમની સેવા કરે છે.

**જ. ૬૪૦૦૦, ૧૬૦૦૦**

પ. ભરતમાં તીર્થંકરનું જઘન્ય આયુષ્ય ....... અને બળદેવની ઉત્કૃષ્ટ અવગાહના ....... છે.

**જ. ૭૨ વર્ષનું, ૮૦ ધનુષ**

૬. વાસુદેવ ....... રંગના અને તેમને ....... કહેવાય છે.

**જ. શ્યામ, અર્ધચક્રવર્તી**

૭. પ મહાવિદેહમાં બળદેવની સંખ્યા જ. ....... અને ચક્રવર્તીની સંખ્યા ઉ. ....... હોય છે.

**જ. ૨૦, ૧૪૦**

**(ક) વ્યવહાર સમકિતના ૬૭ બોલના આધારે જવાબ લખો. (૧પ)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. વ્યવહાર સમકિતના ભેદ કેટલા છે? નિશ્ચય સમકિત એટલે શું?

**જ. ૬૭. નિશ્ચય સમકિત એટલે જેણે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ એ ચાર અને દર્શન મોહનીયની ત્રણ સમકિત મોહનીય, મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીય એ મોહનીય કર્મની ૭ પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કર્યો હોય.**

૨. વિનય એટલે શું? વિનયથી શેની પ્રાપ્તિ થાય છે? કુળ અને ગણ એટલે શું?

**જ. વિનય એટલે જેનાથી સમકિત પ્રાપ્ત થાય. વિનયથી અનેક સદ્‌ગુણોની પ્રાપ્તિ થાય છે. કુળ એટલે એક આચાર્યના શિષ્યોનો સમૂહ. ગણ એટલે ઘણા આચાર્યના શિષ્યોનો સમૂહ.**

૩. જીવ કયા કારણે ક્યારથી ભવભ્રમણ કરે છે? એનાથી છૂટવા શું કરવું જોઈએ?

**જ. જીવ વિષય અને કષાયના કારણે અનંતકાળથી ભવભ્રમણ કરે છે. હવે આ ભવમાં મનુષ્ય ભવ, ઉત્તમ કુળ આદિ સારી સામગ્રી મળી છે તો ધર્મ આરાધવો.**

૪. ૩ જું દૂષણ, ૨ જી પ્રભાવના, પ મી ભાવના અને ૧ લી સદ્દહણા લખો.

**જ.** ત્રીજું દૂષણ – **વિતિગિચ્છા – ધર્મકરણીના ફળમાં સંદેહ રાખે કે ધર્મનું ફળ હશે કે નહિ? વર્તમાને તો કાંઈ ફળ દેખાતું નથી.** બીજી પ્રભાવના – **ધર્મકથા પ્રભાવના – ચતુરાઈથી ધર્મકથા કરી પ્રભાવના કરે.** પાંચમી ભાવના – **દુકાન – ધર્મરૂપી માલ અને સમકિત રૂપી દુકાન.** પહેલી સદ્દહણા – **પરમત્થ સંથવો – પરમાર્થનો પરિચય કરવો. સર્વજ્ઞ કથિત તત્ત્વોના ભાવ જાણવા.**

પ. જયણા એટલે શું? તે કેટલી છે? માત્ર નામ લખો.

**જ. જયણા એટલે જેનાથી સમકિતની સુરક્ષા થાય. છ. આલાપ, સંલાપ, દાન, માન, વંદના, ગુણગ્રામ.**

**(૨) વ્યાખ્યા લખો. (પ)**

૧. વાત્સલ્ય – **સ્વધર્મનું હિત કરે અને ચતુર્વિધ સંઘ પ્રત્યે પ્રેમ રાખવો, તેમની યથાયોગ્ય સેવા, ભક્તિ કરવી.**

૨. શ્રુતાનુરાગ – **જેમ યુવાન પુરુષ રંગરાગમાં રાચે તેમ ભવ્યાત્મા સમકિતી જીવ જૈન આગમ સાંભળવામાં**

**અનુરાગ રાખે.**

૩. સંક્ષેપ રુચિ – **જેણે અન્ય મતોને જાણ્યા નથી તેમ જ જિનમતને પણ જાણ્યો નથી છતા શ્રદ્ધા રાખે છે તેને સંક્ષેપ રુચિ છે.**

૪. વચન શુદ્ધતા – **વચનથી અરિહંત દેવ, ધર્મગુરુ અને કેવળી પ્રરૂપિત ધર્મના જ ગુણકીર્તન કરે. બીજા સરાગી દેવ, ગુરુ કે ધર્મના ગુણગ્રામ ન કરે.**

૫. આસ્થા – **જિનવાણી, આગમ, શાસ્ત્રો પર દઢ શ્રદ્ધા રાખે. સ્વ–પરના હિતાહિતનો વિચાર કરી કાર્ય કરે.**

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કોપાયમાન અર્જુનમાળીને પોતાની તરફ આવતા જોઈને સુદર્શન શેઠે શું કર્યું?

**જ. કોપાયમાન અર્જુનમાળીને પોતાની તરફ આવતા જોઈને સુદર્શન શેઠ જરાપણ ડર્યા નહિ, વિચલિત થયા નહિ અને નિર્ભય રહ્યા. તેમણે પોતાના વસ્ત્રથી જમીનનું પ્રતિલેખન કરીને, પોંજી, મુખ પર મુહપત્તિ ધારણ કરી, પૂર્વ દિશા તરફ મુખ રાખી, ડાબો ઢીંચણ ઊભો કરી, બંને હાથ જોડીને મસ્તકે અડાડી સાગારી સંથારો ગ્રહણ કર્યો.**

૨. દેડકો કાળ કરીને ક્યાં ગયો? ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને ક્યાં જશે?

**જ. દેડકો કાળ કરીને સૌધર્મ કલ્પમાં દર્દુરાવતંસક નામના વિમાનમાં દર્દુર નામના દેવ રૂપે ઉત્પન્ન થયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે. ત્યાં અધૂરી સાધના પૂર્ણ કરીને સર્વ કર્મનો અંત કરીને તેનો આત્મા મોક્ષે જશે અને દુઃખોને અંત કરશે.**

૩. થાવચ્ચા પુત્ર સાથે કેટલાએ દીક્ષા લીધી? દીક્ષા લીધા પછી તેમણે શું કર્યું?

**જ. ૧000 પુરુષ સાથે દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી તેમણે ૧૪ પૂર્વના જ્ઞાનનો અભ્યાસ કર્યો. છટ્ઠથી લઈ માસક્ષમણની તપસ્યા કરીને વિચરવા લાગ્યા. અનેક વર્ષો સુધી સાધુધર્મનું પાલન કરી, શત્રુંજય પર્વત પર એક મહિનાનો સંથારો કરી મોક્ષે ગયા.**

૪. નંદ મણિયારે બનાવેલી ચિત્રશાળાનું વર્ણન કરો.

**જ. ચિત્રશાળામાં સેંકડો પૂતળીઓ, વસ્ત્રોના પડદા, ચિત્રકર્મ વગેરે જોતા જ દષ્ટિ સ્થિર થઈ જાય તેવા મનમોહક દશ્યો બનાવ્યા. બેસવા સૂવાની પણ વ્યવસ્થા તેમાં રખાવી. અનેક પ્રકારના નાટકો, નૃત્ય, મુષ્ટિ, યુદ્ધ કરનારા, સંગીતકાર, ગાવાવાળા, વાર્તા કહેનારા, જાદુગર, જ્યોતિષી, ખેલૈયા, વીણા વગાડનારા વગેરે અનેક પુરુષોને રાખ્યા.**

૫. લલિત મંડળી કયા નગરમાં રહેતી હતી? શ્રેણિક રાજાએ તેમને શું વચન આપ્યું હતું?

**જ. રાજગૃહી નગરીમાં. લલિત મંડળી પોતાના સર્વ કાર્ય કરવામાં સ્વતંત્ર છે અને રાજ્ય તરફથી તેમને કોઈ દંડ આપવામાં આવશે નહિ.**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | જવાબ |
|---|---|
| ૧. કો વિસ્મયોત્ર ........ પીક્ષિતોસિ. | **પાના નં. ૧૭૧ કડી ૨૭** |
| ૨. સોડહં ......... પરિપાલનાર્થમ્. | **પાના નં. ૧૬૮ કડી ૫** |
| ૩. સંપૂર્ણ ......... યથેષ્ટમ્. | **પાના નં. ૧૭૦ કડી ૧૪** |
| ૪. ભક્તામરની ૨૦ મી કડી લખો. | **પાના નં. ૧૭૦ કડી ૨૦** |

**જય – જિનેન્દ્ર**